# 'એના નવરાત્રિ'માં ક્ષમતા કરતાં વધુ ટિકિટોના વેચાણથી અરાજકતા

**ખેલૈયાઓને** રમવા માટેની જગ્યા જ નથી, ટ્રેડિશનલ ગરબે ઘૂમનારાઓને મળસ્કે સુધી રાહ જોવડવાય છે

બારડોલી: નવરાત્રિ મહોત્સવ આડે હવે માંડ બે દિવસ બાકી રહ્યા છે ત્યારે નાંદીડા ચોકડી ખાતે યોજાયેલા 'એના નવરાત્રિ'ના આયોજકો દ્વારા કમાણી કરી લેવાની લ્હાયમાં નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ ટિકિટો અને પાસનું આડેધડ વેચાણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ આંધળી નફાખોરીને કારણે ગ્રાઉન્ડ પર પગ મૂકવાની પણ જગ્યા ન રહેતાં ભારે અરાજકતાનો માહોલ સર્જાયો છે, છતાં સમગ્ર નિયમભંગ સામે સ્થાનિક પોલીસ તંત્ર માત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું હોવાનો રોષ સ્થાનિકોમાં ફેલાયો છે.

મેદાનમાં ઊમટી પડેલી બેકાબૂ ભીડના લીધે ગરબા રમવા આવેલા અસલ ખેલૈયાઓની હાલત કફોડી બની છે. ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ માટે રાઉન્ડ લેવાની પણ પૂરતી જગ્યા બચી નથી. સૌથી શરમજનક સ્થિતિ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબે ઘૂમવા આવતા ખેલૈયાઓની થઈ રહી છે. કલાકો સુધી સજીધજીને ઉત્સાહભેર આવેલા ખેલૈયાઓને ગ્રાઉન્ડમાં પ્રવેશવા કે રમવા માટે છેક મળસ્કે સુધી રાહ જોવડાવવામાં આવી રહી છે. આયોજકોના આવા તુગલકી વલણના કારણે ઉત્સાહ સાથે આવેલા નાના ભૂલકાંઓ રમ્યા વગર જ થાકીને મેદાન પર કે વાલીઓના ખોળામાં ઊંઘી જવા મજબૂર બની રહ્યા છે. માતાજીની આરાધનાના પવિત્ર પર્વમાં ધાર્મિક ભાવનાને બદલે વ્યાપારિક હિતોને પ્રાધાન્ય અપાતાં ખેલૈયાઓ અને વાલીઓની લાગણી ગંભીર રીતે દુભાઈ છે. સામાન્ય ખેલૈયાઓને છેલ્લે છેલ્લે રમવાની ઔપચારિક તક પધરાવી દેવાતી હોવાથી લોકોમાં આયોજકો સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. નિયમો અને વ્યવસ્થાના ધજાગરા ઉડવા છતાં પોલીસ કોઈ અંકુશ લગાવતી ન હોવાથી તંત્રની ભૂમિકા સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

પહેલાં અકસ્માત મોતની વાર્તા, PM રિપોર્ટમાં ખુલ્યું રહસ્ય

# નનસાડમાં પરિણીતાની ભાઈની સાસુએ જ હત્યા કરી

**ભાઈની** સાસુએ પુત્રી અને સંતાનો માટે અલગ ઘરની માંગણી કરી ઝઘડો કર્યો હતો, પરિણીતા બીમાર હોય આરામ કરવા પિયર આવી હતી

કામરેજ: નનસાડ ગામે પિયરમાં રહેવા માટે આવેલી પરિણીતાના ભાઈની પત્ની અને સંતાનો માટે ભાઈની સાસુએ અલગથી ઘરની માંગણી કરી પરિણીતા સાથે ઝઘડો કરી ગળું દબાવી હત્યા કરી નાંખી હતી.

કામરેજના નનસાડ ગામે હિમાચલ ફળિયામાં નિલેશ જગુ રાઠોડ રહે છે. પત્ની રેખાબેન રાઠોડને છેલ્લા દસ વર્ષથી બીમારી હોવાથી દવા ચાલે છે. ગત તા.5-10-26ના રોજ રેખાબેન રાઠોડ બીમાર હોવાથી નનસાડ ગામે પિયરમાં આરામ કરવા માટે ગઈ હતી. રેખાબેન રાઠોડના ભાઈ વિજયનું અવસાન થઈ ગયું હતું. તેની પત્ની કાજલબેન એક પુત્રી રેખાબેનની માતા સાથે રહે છે. કાજલબેનને મળવા માટે તેમની માતા હંસાબેન મનસુખભાઈ કાંગીયા (મૂળ રહે., ગારીયાધાર, જિ.ભાવનગર) અવાર-નવાર આવતા થોડા દિવસ રોકાઈને જતાં રહેતા હતા. ત્યારે કાજલબેન અને તેના સંતાનો માટે અલગ ઘરની માંગણીઓ કરી હંસાબેન રેખાબેન રાઠોડ અને તેની માતા સાથે ઝઘડો પણ કરતાં હતા. બે દિવસ અગાઉ રેખાબેનનું મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી રેખાબેનનું કામરેજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમ કરાવવામાં આવ્યું હતું. જેના રીપોર્ટમાં રેખાબેનનું મોત ગળું દબાવી દેવાથી શ્વાસ રૂંધાઈ જવાથી મોત નીપજ્યું હોવાનુ બહાર આવતાં પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. તપાસ કરતાં પોલીસે હંસાબેન પર શંકા ગઈ હતી. હંસાબેનએ પુત્રીના ઘર બાબતે ઝઘડો કરી રેખાબેન રાઠોડ સાથે ઝપાઝપી કરી ગળું દબાવી હત્યા કરી હતી. હત્યાના ગુનામાં પોલીસે હંસાબેનની ધરપકડ કરી હતી.

# તંત્રની ઘોર બેદરકારીએ કીમના યુવકનો જીવ લીધો!

**કીમમાં** રખડતા ઢોરે સર્જેલા અકસ્માતમાં પરિવારે મુખ્ય આધાર ગુમાવ્યો

**જવાબદારો** અથવા તેમનો પરિવાર ભોગ નહીં બને ત્યાં સુધી તંત્ર નહીં જાગશે: ગ્રામજનોનો રોષ

કીમ: કીમ ગામે રખડતાં ઢોરે સર્જેલા જીવલેણ અકસ્માતમાં ૨૫ વર્ષીય આશાસ્પદ યુવક કેતન સોલંકીએ



આ જે સારવાર દરમિયાન દમ તોડ્યો છે. ગુરુવારના રોજ સાંજના સમયે સર્જાયેલા અકસ્માતમાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. હોસ્પિટલમાં ૩ દિવસ સુધી જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ યુવક મૃત્યુ પામતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. ઘરનો એકમાત્ર કમાવ દીકરો ગુમાવતા પરિવારે વહાલસોયા પુત્રની સાથે ઘરનો મુખ્ય આધાર પણ ખોઈ દીધો છે. મહત્ત્વનું છે કે છેલ્લા સપ્તાહના બે જ દિવસમાં ચાર અકસ્માત સર્જાયા હતા.

આ ઘટના બાદ કીમ ગામ અને આસપાસના વિસ્તારના ગ્રામજનોમાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોએ કડક શબ્દોમાં આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, જે અધિકારીઓ અને જવાબદારો આંખ આડા કાન કરી રહ્યા છે, જ્યાં સુધી તેમના પોતાના પરિવારનો કોઈ સભ્ય આ રખડતાં ઢોરનો ભોગ નહીં બને, ત્યાં સુધી કદાચ તેમને પોતાની નૈતિક અને કાનૂની જવાબદારીનું ભાન નહીં થાય.

## બે જ દિવસમાં ૪ અકસ્માત: તંત્ર નિંદ્રામાં!

કીમ ગામ અને આસપાસના વિસ્તારમાં રખડતાં ઢોરનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે માત્ર બુધવાર અને ગુરુવારના બે જ દિવસમાં રખડતાં ઢોરના કારણે ૪ જેટલા અકસ્માતો સર્જાયા હતા. આટલા બધા અકસ્માતો અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાવા છતાં સ્થાનિક ગ્રામ પંચાયતથી લઈને જિલ્લાનું જવાબદાર તંત્ર કુંભકર્ણની ઘોર નિંદ્રામાં સોઈ રહ્યું છે.

## વિવાદિત ઘન કચરા પ્રોજેક્ટ બન્યો અકસ્માતનું કારણ

સ્થાનિક વિવાદિત ઘન કચરા પ્રોજેક્ટ પાસે ગંદકી અને કચરો ખાવા માટે રોજ મોટી સંખ્યામાં રખડતાં ઢોરનો જમાવડો થાય છે. આ રખડતાં ઢોરો રોડ પર આવી જતાં સતત નાના-મોટા ગંભીર અકસ્માતો સર્જાતા રહે છે, છતાં આ કચરાના નિકાલ કે ઢોરના જમાવડાને રોકવા માટે કોઈ પગલાં લેવાયા નથી. મહત્ત્વનું છે કે પ્રોજેક્ટના કારણે આસપાસના સોસાયટીના રહીશો, મંદિર, તેમજ આરોગ્ય વિભાગના લોકો પણ ત્રસ્ત છે.

## સંક્ષિપ્ત સમાચાર



### ભરૂચમાં નવરાત્રિમાં રાજપૂત સમાજની ક્ષત્રાણીઓ દ્વારા 'તલવાર રાસ'

ભરૂચ: મા આદ્યશક્તિના નવરાત્રિના પવિત્ર પર્વએ ભરૂચમાં રાજપૂત સમાજની ક્ષત્રાણીઓ દ્વારા 'તલવાર રાસ'નો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. સાતમના દિવસે યોજાયેલા આ કાર્યક્રમમાં શૌર્ય, સ્વાભિમાન અને વીરતાની ગૌરવશાળી પરંપરાનું દર્શન થયું હતું. શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ સંચાલિત શ્રી રાજપૂત મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા રાજપૂત છાત્રાલય ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપૂતાનાના રોર તલવારબાજી ગ્રુપના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં 200 ક્ષત્રાણી અને 250 ભાઈ સહિત કુલ 450 લોકોએ તલવારબાજીના અનોખા કરતબો નિહાળ્યા હતા. તલવાર સાથેના શિસ્તબદ્ધ કરતબોએ ઉપસ્થિતોમાં શૌર્યનો સંચાર કર્યો હતો. બહેનોની મોટી સંખ્યામાં થયેલી ભાગીદારીએ નારીશક્તિની ક્ષમતા અને પરંપરા પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાજપૂત સમાજની શૌર્યગાથાઓ અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવાનો હતો.

### વાલોડના બેડકુવા ગામે દીપડો પાંજરે પુરાયો



વાલોડ: વાલોડના બેડકુવા ગામના ખોખરા-ઉમરા ફળિયામાંથી 4થી 5 વર્ષનો નર દીપડો પાંજરે પુરાયો છે. ગામના સરપંચ વિકેશભાઈ ગામિતની અરજીના આધારે તાત્કાલિક મહુવા સામાજિક વનીકરણ રેન્જ ઇન્ચાર્જ RFO સમીર કોંકણીના માર્ગદર્શન હેઠળ આશિષભાઈ બાબુભાઈ ગામિતના ખેતરે જવાના રસ્તા પાસે પાંજરું મૂકવામાં આવ્યું હતું. વન વિભાગની ટીમ દ્વારા દીપડાને વાલોડ નર્સરી ખાતે લાવવામાં આવ્યો છે.

### માંડવા ટોલ પ્લાઝા પાસે દારૂની બોટલો સાથે આધેડ ઝડપાયો

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના માંડવા ટોલ પ્લાઝા પાસેથી ભરૂચ એલસીબી પોલીસે પુણેના રવી રામચંદ્ર દોલવાણી નામના શખ્સની સ્કૂલ બેગ અને પાર્સલના થેલામાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ.૩૮,૩૬૦ની કિંમતનો ૪૩ બોટલ/ટીન દારૂ અને રૂ.૫,૦૦૦નો મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૪૩,૩૬૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની ધરપકડ કરી છે. જ્યારે ગીતમ પ્રકાશ નોભવાણીનું નામના શખ્સને વોન્ટેડ જાહર કરાયો છે.

### માંડવી-ઝંખવાવ રોડ પર STની ટક્કરે યુવક ગંભીર ઈજાગ્રસ્ત

માંડવી: તા-12 ઓક્ટોબરના રોજ કુલવાડી ગામના સ્ટેશન ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય રામુભાઈ નવીનભાઈ ચૌધરી પોતાની હોન્ડા શાઇન મોટરસાઇકલ (નં. GJ 19 AB 4482) લઈને માંડવી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ઝંખવાવથી માંડવી જતા રસ્તા પર ગામતળાવખુર્દ ગામની સીમમાં એસ.ટી. બસ (નં. GJ 18 ZT 1463)ના ચાલકે મોટરસાઇકલને અથડાવતા રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. રામુભાઈને પહેલાં માંડવી સરકારી હોસ્પિટલ બાદ હાલ સુરત નવી સિવિલમાં રીફર કરાયા છે. જ્યાં હાલ તેઓ બેભાન હાલતમાં છે. માંડવી પોલીસે એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### મહુવા સુગરના પ્રમુખપદે માનસિંહભાઈનું પુનરાવર્તન, ઉપપ્રમુખ તરીકે બળવંતભાઈ



અનાવલ: મહુવા સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી તાજેતરમાં પૂર્ણ થયા બાદ, નવી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની રચના સાથે પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. શનિવારે મહુવા સુગર ફેક્ટરીના બોર્ડ રૂમ ખાતે બારડોલી પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સુરત જિલ્લા ભાજપના મહામંત્રી અંકુરભાઈ દેસાઈ તથા રોહિતભાઈ પટેલ પ્રદેશ ભાજપનું અધિકૃત મેન્ડેટ લઈને આવી પહોંચ્યા હતા. પક્ષના મેન્ડેટ મુજબ, પ્રમુખ તરીકે ફરી એકવાર માનસિંહભાઈ પટેલ અને ઉપપ્રમુખ તરીકે બળવંતભાઈ પટેલના નામોની જાહેરાત કરવામાં આવી હતી. તમામ ડિરેક્ટરોએ આ વરણીને સહર્ષ વધાવી લીધી હતી.

## સોનગઢમાં જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

સોનગઢ: સોનગઢ પોલીસે જૂની કુઈલીવેલ ગામે પીચાબારી બોરદા હાઈવે રોડ પર દરોડો પાડી વરલી મટકાના હાર-જીતના આંકડા લખતા ઉકાઈ પાથરડા કોલોનીના પંકજ ઉર્ફે મનોજ વ્રજલાલ આડતીયા (ઉં.વ. ૫૫)ને ઝડપી પાડી રોકડા રૂ.1,320 સહિતની મતા કબજે કરી હતી.

# મોબાઈલ પર ગાળાગાળી કરવાની ના પાડતાં છરીથી હુમલો

**વાત કરવા** મોબાઈલ લીધો અને ટોકતા શખ્સે ટ્રક ડ્રાઇવરની છાતી અને ગાલ પર ચપ્પુના ઘા ઝીંક્યા

પલસાણા: કડોદરા નગરપાલિકા પાછળ ખાડી ફળિયામાં વાત કરવા સારું મોબાઇલ માંગી તેમાં ગાળાગાળી કરવાની ના પાડવાની સામાન્ય બાબતે એક યુવકે ટ્રક ચાલક પર ચપ્પુ વડે હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના વતની અને હાલ કડોદરામાં મહાદેવનગર ખાતે રહેતા સંતોષકુમાર શીવકુમાર દુબે (ઉં.વ.૩૯) સુરત ખાતે ટ્રક ડ્રાઇવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૧૬ ઓક્ટોબરના રોજ રાત્રે આશરે દશેક વાગ્યે તેઓ નોકરી પરથી પરત ફરી સિટી બસમાંથી ઊતરી મિત્ર સિંકુ સહદેવ યાદવ સાથે પગપાળા ઘર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ખાડી ફળિયામાં આવેલી એક દુકાન સામે એક અજાણ્યા શખ્સે આવીને સંતોષકુમાર પાસેથી મોબાઈલ લીધો હતો. શખ્સ કોઈની સાથે ફોન પર ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી સંતોષકુમારે તેને ફોન પર ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શખ્સે ફોન પરત આપી ઝઘડો શરૂ કર્યો હતો. બોલાચાલી વધતાં આ શખ્સે પોતાના ખિસ્સામાંથી અચાનક ચપ્પુ કાઢી સંતોષકુમારની છાતીના ડાબા ભાગે તેમજ ગાલ પર ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત સંતોષકુમારને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

સ્થાનિક પૂછપરછમાં હુમલો કરનાર શખ્સ જોળવા ગાર્ડન મિલમાં નોકરી કરતો જનાર્દન લોકનાથ સિંગ (રહે.,કડોદરા) હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે કડોદરા જીઆઈડીસી પોલીસે સંતોષકુમારની ફરિયાદના આધારે આરોપી જનાર્દન સિંગ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## ઉચ્છલનાં બેડકી નાકા પાસે ભેંસો લઈ જતો ટેમ્પો પકડાયો

વ્યારા: તાપીમાં સુરત- ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર મહારાષ્ટ્ર બોર્ડર નજીક બેડકી નાકા ચેકપોસ્ટ પાસે ગેરકાયદે રીતે ભેંસો ભરીને મહારાષ્ટ્રનાં ધુલિયા માર્કેટમાં લઈ જતો આઈસર ટેમ્પો (નં.GJ 02 BT 0850 ) પકડાયો હતો. ટેમ્પો 12 જેટલી ભેંસોને ખીચોખીચ હાલતમાં ભરેલી મળી આવતાં પોલીસે ટેમ્પોના ચાલક ગનીખાન બુરહાનખાન સિંધી (ઉં.વ.29, મૂળ હાથમા, જિ.બાડમેર, રાજસ્થાન, હાલ રહે., નવાગામ, કામરેજ, જિ.સુરત) ની ધરપકડ કરી કુલ 7,20,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે આરોપી હુસેન હસન સિંધી (હાલ રહે., ઈન્દુ ગામ પાટિયા પાસે, કાકરાપાર રોડ, તા.વ્યારા, જિ.તાપી, મૂળ રહે., બામનોર, રાજસ્થાન) અને ભેંસો ભરી આપનાર સુનિલ ગામીત (રહે., ચંચરબુંદા, તા.ઉચ્છલ, જિ.તાપી)ને વૉન્ટેડ જાહેર કરાયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ડેડીયાપાડામાં બોલેરો ખીણમાં ખાબકી, વડોદરાના ચાલકનું મોત



ચિકદા: નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં ગોરા-ડુમખલ રોડ પર માથાસર ગામ નજીક એક બોલેરો ગાડી ખીણમાં પલટી જતાં વડોદરાના ૩૭ વર્ષીય ચાલકનું મોત થયું છે. ચાલક નિલેશભાઈ પોતાની મહિન્દ્રા બોલેરો કેમ્પર (GJ-12-DS-0402) માથાસર ગામના ગમાણ ફળિયા નજીક રોડના વળાંક પર ગાડી અણધારી રીતે ૨૦૦ મીટર ઊંડી ખીણમાં ઉતરી ગઈ અને પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં નિલેશભાઈ અનિલભાઈ ધારે (ઉં.વ.૩૭) ને ગંભીર ઈજા પહોંચતા ઘટનાસ્થળે જ મોત થયું હતું. ડેડિયાપાડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના ભડકોદ્રા પાટિયા નજીક કન્ટેનરની ટક્કરે કિશોરનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા વિસ્તારમાં આવેલી સન ફ્લોરા રેસિડેન્સીમાં રહેતો ૧૬ વર્ષીય આર્ય નીરજ સિંઘ તેના મિત્ર કૌશલ ચૌહાણ સાથે એક્ટિવા પર પસાર થઈ રહ્યો હતો. દરમિયાન ભડકોદ્રા ગામના પાટિયા નજીક પૂરપાટ ઝડપે આવી રહેલા કન્ટેનરના ચાલકે તેમની એક્ટિવાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. કન્ટેનરની ટક્કરથી આર્ય સિંઘને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનુ ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કૌશલ ચૌહાણને સામાન્ય ઈજાઓ થઈ હતી. જાણ થતાં જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મધ્યપ્રદેશના કન્ટેનર ચાલક ધર્મેન્દ્ર યાદવ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી છે.

### લોનની લાલચે કરંજના યુવાન સાથે રૂપિયા ૯૯ હજારની સાયબર ઠગાઇ

માંડવી: કરંજ ગામના નવાગામ ફળિયામાં રહેતા હિતેશ ગોમાનભાઈ પટેલ (ઉં.વ.૪૭) કીમ ચાર રસ્તા ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તા.૨૪-૬-૨૦૨૬ના અજાણ્યા નંબર પરથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી બોલતો હોવાનું જણાવી શખ્સે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોન જોઈતી હોય તો ચાર્જ પેટે રૂ.૮૬૦ માંગ્યા હતા. જે મોકલેલા QR કોડ પર રકમ ટ્રાન્સફર કરતાં રૂ.૧૦ લાખની લોન અને રૂ.૪ લાખની સબસીડી મંજૂર થઈ હોવાનું જણાવી વિવિધ ચાર્જના બહાને ઓટીપી મેળવી લીધો હતો. જે બાદ ઠગોએ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી કુલ રૂ. ૯૯,૬૪૮ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. છેતરપિંડી થતાં હિતેશભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### ભીમપુરાના તળાવમાં આધેડનું ડૂબી જવાથી મોત



આમોદ, ભરૂચ: આમોદના ભીમપુરા ગામે રહેતા નાગજીભાઈ છીતાભાઈ ચાવડા (ઉં.વ.૫૧) ગત રોજ ગામમાં આવેલા તળાવમાં હાથ-પગ ધોવા માટે ગયા હતા. આ દરમિયાન તેમનો પગ લપસી જતાં તેઓ તળાવના પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું. આજે બપોર બાદ નાગજીભાઈની લાશ પાણીની સપાટી પર દેખાઈ આવી હતી. ઘટનાની જાણ થતા પોલીસે સ્થાનિક લોકોની મદદથી તળાવમાંથી લાશને બહાર કાઢી લાશનો કબજો આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વરજાખણમાં દીપડાએ વાછરડાનો શિકાર કરતાં ભય

માંડવી: માંડવીના તરસાડા નજીક આવેલા વરજાખણ ગામે દીપડાએ વાછરડાનો શિકાર કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ગત મોડી રાત્રે એકાએક દીપડો વરજાખણ ગામે પશુપાલક રાજેન્દ્રસિંહ બહાદુરસિંહ મહિડા કોઢારમાં બાંધેલા ૩ વર્ષીય વાછરડા પર જીવલેણ હુમલો કરી તેનું મારણ કર્યું હતું. ઘટનાસ્થળે તપાસ કરતાં દીપડાના સ્પષ્ટ પંજાના નિશાન મળી આવ્યા હતા. આ બાબતે વરજાખણ ગામના સરપંચ તથા તલાટીને તાત્કાલિક જાણ કરવામાં આવી છે. ગામલોકોએ વન વિભાગ સમક્ષ વહેલી તકે આ ખૂંખાર દીપડાને પકડવા માટે તાત્કાલિક ધોરણે પાંજરું મૂકવાની ઉગ્ર માંગ કરી છે. અવારનવાર બનતી આવી ઘટનાઓથી ગ્રામજનોમાં ભારે રોષ અને દહેશત ફેલાઈ ગઈ છે.

### નાંદોદના રીંગણી ગામના મિત્રોને અકસ્માત, એકનું મોત

રાજપીપળા: નાંદોદના રીંગણી ગામના યુવરાજભાઈ વસાવા અને તેમના મિત્ર વિરાજભાઈ વસાવા તારોપા ગામેથી પાણીપુરી ખાઈને પરત ફરી રહ્યા હતા. એ સમયે સિંગલ ટ્રેક હાઇવે રોડ પર સામેથી આવતી કાર (નં. GJ 05 RV 0663)ના ચાલકે તેમની બાઇક નં. (GJ.22.N.5117)ને ટક્કર મારતા વિરાજભાઈને ગંભીર પહોંચતા મોત નીપજ્યું હતું. પોલીસે કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાનોલી GIDCમાં હાઈવે પર ઉભેલી ટ્રકમાં ટેમ્પો ઘૂસી જતાં યુવકનું મોત

અંકલેશ્વર: મહારાષ્ટ્રના ભિવંડી વિસ્તારમાં રહેતા વિજયકુમાર બલયબિંદ ટેમ્પો ચલાવી ગુજરાન ચલાવતા હતા. પિકઅપ ટેમ્પો (નં MH 04 KU 7447) લઈને તા. ૧૬ ઓક્ટોબરની રાત્રિના સમયે વિકાસકુમાર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન પાનોલી જીઆઈડીસીમાં ટેમા કંપની સામે માર્ગ પર બ્રેકડાઉન થયેલી અશોક લેલન કન્ટેનર ટ્રક (નં. GJ 06 yy 8550) ઊભી હતી. આ ટ્રક પાછળ વિકાસકુમારનું ટેમ્પો અથડાતા ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. મૃતકના મોટાભાઈ વિજયકુમારે ફરિયાદમાં કન્ટેનર ટ્રકના ચાલકે હાઈવે પર બ્રેકડાઉન થયેલી ટ્રક ઊભી રાખતી વખતે પાછળ રિફ્લેક્ટર બોર્ડ, સાઈન બોર્ડ અને સેફ્ટી કોન મૂક્યાં ન મુકતા અકસ્માત થયાનો આક્ષેપ કર્યો હતો. આ મામલે પોલીસ દ્વારા ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ઓલપાડ, સાયણને નગરપાલિકાનો દરજ્જો આપવા તંત્રની કવાયત તેજ

**ધારાસભ્ય** મુકેશ પટેલની રજૂઆત બાદ ચેક લિસ્ટના 10 મુદ્દાની માહિતી આપવા તંત્રનો આદેશ

સાયણ: ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે ૧૦ મહિના પૂર્વે રાજ્યના મુખ્યમંત્રીને ઓલપાડ અને સાયણ ગ્રા.પં.ને નગરપાલિકાનો દરજ્જો આપવા કરેલી રજૂઆતનો પડઘો પડતાં બંને ગ્રા.પં.ને નગરપાલિકા બનાવવા કવાયત તેજ બની છે.

આધારભૂત માહિતી મુજબ ધારાસભ્ય મુકેશ પટેલે ગત તા.૦૫/૦૧/૨૦૨૬ ના પત્રથી રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી કે, ઓલપાડ અને સાયણ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી થયેલા ઝડપી શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ તથા વસતીમાં થયેલા અસાધારણ વધારાને કારણે ગ્રા.પં.ની વર્તમાન વ્યવસ્થા લોકોની શહેરી સ્વરૂપ ધરાવતી મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવામાં અસમર્થ સાબિત થઈ રહી છે. આ સિવાય પીવાનું શુદ્ધ પાણી,ગટર અને ડ્રેનેજ વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ,મજબૂત રોડ-રસ્તાનું સુવ્યવસ્થિત આયોજન, સ્ટ્રીટ લાઈટ,સ્વચ્છતા,આરોગ્ય સેવાઓ,ફાયર સલામતી તથા અન્ય આવશ્યક શહેરી સુવિધાના વિકાસ કાર્યો સમયસર અને આયોજનબદ્ધ રીતે ગુણવત્તા સભર પૂરા પાડી શકાતા નથી.

જેના કારણે બન્ને ગ્રા.પં.વિસ્તારના નાગરિકો રોજિંદા જીવનમાં અનેક તકલીફોનો સામનો કરી રહ્યા છે. પરંતુ જો નગરપાલિકા રચાય તો વેરાની વસૂલાત વધુ પારદર્શક અને અસરકારક બની શકે તથા રાજ્ય સરકારની આવકમાં પણ નોંધપાત્ર વધારો શક્ય બને તેમ છે. ઓલપાડની વસતી માટે હાથીસા, ઓરમા અને ઈસનપોર ગ્રા.પં.નો સમાવેશ કરવા તથા સાયણ માટે સિવાણ, દેલાડ અને પરીઆ ગ્રા.પં.નો સમાવેશ કરવા ધારાસભ્ય મુકેશ પટેલે ભલામણ કરી હતી.

ધારાસભ્યએ ઓલપાડ અને સાયણનું ભૌગોલિક સ્થાન, સુરત શહેરની નજીકતા, ઔદ્યોગિક મહત્વ, પરિવહન સુવિધાઓ તથા સ્પષ્ટ શહેરી સ્વરૂપને રજૂ કરી આ બન્ને ગ્રા.પં.ને નગરપાલિકા જાહેર કરવા પત્ર દ્વારા ભલામણ કરી હતી. જો કે આ પત્રનો પડઘો હાલમાં પડતાં સબંધિત સરકારી તંત્રની કચેરીઓ હરકતમાં આવી ગઈ છે અને ચેક લિસ્ટના વિવિધ ૧૦ મુદ્દાની માહિતી તાકીદે આપવા આદેશ કર્યો છે.

# ગરૂડેશ્વરમાં લગ્નમાં ઝઘડાની અદાવતમાં આધેડ પર હુમલો

રાજપીપળા: ગરૂડેશ્વર તાલુકાના વવીયાલા ગામે લગ્ન પ્રસંગ દરમિયાન થયેલા જૂના ઝઘડાની અદાવત રાખીને એક આધેડ પર લીંબડાની લાકડીઓ વડે હુમલો કરાયાનો બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ ગરૂડેશ્વરના વવીયાલા ગામના પટેલ ફળિયામાં રહેતા ૫૨ વર્ષીય ખેડૂત સુરેશભાઈ પ્રાણજીભાઈ ભીલ શનિવારે બાઈક પર ખેતરે જઈ રહ્યા હતા. દરમિયાન ભાથીજી દાદાના મંદિર પાસે રોડ પર બેઠેલા ગામના જ નિશાળ ફળિયામાં રહેતા નિલેષભાઈ નરેશભાઈ નાયક, સંદીપભાઈ રમેશભાઈ ભીલ અને દશરથભાઈ દિનેશભાઈ નાયકે સુરેશભાઈને રોકી 'તે દિવસે લગ્નમાં અમને કેમ માર્યા હતા?' કહી બોલાચાલી કરી હતી. સુરેશભાઈએ પોતે ઝઘડો છોડાવવા પડ્યા હોવાનું જણાવવા છતાં ત્રણેય શખ્સોએ ઉશ્કેરાઈને તેમને ગાળો આપી હતી. ત્યારબાદ ત્રણેય શખ્સોએ લીંબડાની લાકડીઓ વડે સુરેશભાઈ પર તૂટી પડી ઢીકાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત આધેડે બૂમાબૂમ કરતા આસપાસના લોકો ભેગા થઈ જતાં ત્રણેય હુમલાખોરો તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. સ્થાનિકોએ ઈજાગ્રસ્તને સારવાર અર્થે ગરૂડેશ્વર સરકારી દવાખાને ખસેડ્યા હતા. સુરેશભાઈની ફરિયાદના આધારે ગરૂડેશ્વર પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉકાઈમાં મંદિરથી આવતા વૃદ્ધાનું મંગળસૂત્ર આંચકી સ્નેચરો ફરાર

**બેંક** બહારથી નાણાંની ચોરી બાદ સોનગઢમાં સ્નેચિંગથી સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો

સોનગઢ: ઉકાઈમાં બેંકની બહારથી નાણાંની ચોરી અને ત્યારબાદ સોનગઢના જાહેર રોડ પરથી વૃદ્ધાના ગળામાંથી સોનાના દાગીના આંચકી જવાની ઘટનાને પગલે નાગરિકોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

સોનગઢના બ્રાહ્મણ ફળિયામાં રહેતા ૭૪ વર્ષીય મંગલાબેન રમેશભાઈ જોષી ગત તારીખ ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજના આશરે સવા સાતેક વાગ્યે અંબામાતા મંદિરેથી દર્શન કરીને પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન બ્રાહ્મણ ફળિયામાં લાવણ્ય બ્યુટી પાર્લર સામે જાહેર રોડ પર એક મોટરસાઈકલ પર બે અજાણ્યા ઈસમો તેમની નજીક આવ્યા હતા. બાઈક પર પાછળ બેઠેલા શખ્સે મંગલાબેનના ગળામાંથી આશરે ૧૦ ગ્રામ વજન ધરાવતું અને આશરે રૂ. ૪૫,૦૦૦ની કિંમતનું સોનાનું મંગળસૂત્ર ઝૂંટવી ક્ષણવારમાં ઉકાઈ રોડ તરફ ભાગી છૂટ્યા હતા. સોનગઢમાં સ્નેચિંગની ઘટના બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદની રિસીવ કોપી મેળવવા બાબતે પણ આક્ષેપો થઈ રહ્યા છે. બીજી તરફ, નગરપાલિકાના મહિલા પ્રમુખ દ્વારા પણ સોનગઢ પોલીસની કામગીરી સામે ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
12:00pm, 06:00pm
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Nayyi Navelli - 04:00pm
Street Fither - 11:00am, 05:00pm
Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333